# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૧૧

ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે :

*ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ।*

હે અર્જુન, પરમાત્મા બધાં પ્રાણીઓનાં હૃદયમાં નિવાસ કરે છે. (૧૮:૬૧)

હૃદય સત્યનું નિવાસસ્થાન છે. જ્યારે તમારે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય ત્યારે તમારે એ અંતરસ્થાનમાં પ્રવેશ કરવો જ પડશે. ભલે તમે મંત્ર જપી રહ્યાં હો અને તેમાં સમાવિષ્ટ સત્યનો અનુભવ કરવા ઇચ્છતાં હો, ભલે કોઈ પુસ્તક વાંચી રહ્યાં હો, શાસ્ત્રનું અધ્યયન કરી રહ્યાં હો અથવા કોઈ પ્રવચન સાંભળી રહ્યાં હો, માત્ર બુદ્ધિથી તમે આધ્યાત્મિક જ્ઞાનને ગ્રહણ નહીં કરી શકો. તમે જે રૂપે બુદ્ધિને જાણો છો તેની શુદ્ધિ થવી જ જોઈએ. પછી હૃદયના મહાન ગહન સ્થાનમાંથી જ્ઞાન ઉદિત થાય છે.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્ગુણોનો યોગ*, અધ્યાય ૪, 'જ્ઞાનમાં દૃઢતા'માંથી (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૫૩-૫૪.